## પ્રેસનોટ

### ગુજરાતમાં ભારતીય બનાવટના વિદેશી દારુની હેરાફેરી કરતી સ્વીફ્ટ વીડીઆઇ કારમાંથી બોટલ નંગ-૨૨૨ કિં.રૂ. ૭૭,૨૦૦/- નો મુદ્દામાલ પકડી પાડતી નરોડા પોલીસ

ના.પો.કમિશ્નરશ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમિશ્નરશ્રી, જી-ડીવીઝન સાહેબ તથા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.બી વાઘેલા નરોડા પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે પોલીસ સ્ટેશનના તમામ ચોકી તથા સર્વેલન્સ સ્ટાફના માણસોને બહારના રાજ્યોમાંથી કોઇપણ રીતે ભારતીય બનાવતનો વિદેશી દારુ લાવે નહી તથા આવી રીતે હેરાફેરી કરતા વાહનો કે માણસો ઉપર નજર રાખવા સમજ કરેલ હોય જે આધારે પો.સબ.ઇન્સ એચ.આર.જેતાવત તથા લોકરક્ષક દેવેન્દ્રસીંહ ભીખુભા બ.ન.૫૧૨ તથા લોકરક્ષક નારણભાઇ રણશીભાઇ બ.ન.૧૧૬૬ નાઓની બાતમી હકિકત આધારે દહેગામ તરફથી આવતી સ્વીફ્ટ વીડીઆઇ કાર નં-જીજે-૧૮-બીસી-૭૬૮૯ ની દહેગામ રીંગ રોડ સર્કલ ખાતે રોકી લઇ જેમાં ભારતીય બનાવટના વિદેશીદારૂની ૭૫૦ એમ.એલ.ની શીલબંધ બોટલ નંગ-૬૮ જેની કિં.૩૪,૦૦૦/- તથા ૩૭૫ એમ.એલ.ની શીલબંધ બોટલો નંગ-૧૬૮ જેની કિં.રૂ.૩૩,૬૦૦/- તથા ૧૮૦ એમ.એલ.ની શીલબંધ બોતલો નંગ-૯૬ જેની કિં.રૂ.૯૬૦૦/- તથા સ્વીફ્ટ વીડીઆઇ કારની કિં. રૂ. ૩,૫૦,૦૦૦/- તથા મલી આવેલ બે મોબાઇલની કિં.રૂ. ૪,૫૦૦/- મળી કુલ્લે રૂ. ૪,૩૧,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે. જે ઇંગ્લીશ દારુની બોટલો લાવનાર આરોપી-(૧) દેવીલાલ દીતાજી અંસારી ઉ.વ.૩૯ રહે-ગામ-દબાઇચા, તા-ખેરવાડા, જી-ઉદેપુર, રાજસ્થાન. (૨) કલ્પેશકુમાર કાંતિલાલ અશોડા ઉ.વ.૨૫ રહે-ગામ-પાટીયા, તા-ખેરવાડા, જી-ઉદેપુર, રાજસ્થાન. નાઓને ગુનાના કામે અટક કરેલ છે. અને બીજા ગુનામાં સંડોવાયેલ આરોપીઓની તપાસ ચાલુ છે. તા-૨૪/૦૯/૧૯



Scanned by CamScanner